# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૫-૦૯-૨૦૨૪ રવિવાર** **સમય : સાંજે ૬:25 કલાકે**

---

## વંદે મેટ્રો ટ્રેન-ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી મોદી આવતીકાલે વંદે મેટ્રો ટ્રેનનું વર્ચ્યુઅલ માધ્યમથી ઉદઘાટન કરવાના છે. તેથી ભુજ અમદાવાદ વચ્ચે દોડનારી વંદે મેટ્રો ટ્રેનને વહેલી ઉપાડવામાં આવશે. ત્યારબાદ મંગળવારે અમદાવાદથી અને ભુજથી બુધવારે ટ્રેન નિયમિતપણે ઉપડશે.

આ ટ્રેન નો સામાન્ય રીતે સમય ભુજથી સવારના 05 વાગીને 30 મિનીટનો રાખવામાં આવ્યો છે પરંતુ આવતીકાલે એક ફ્રી ટ્રીપ રાખવામાં આવી છે તે બપોરે 2 વાગીને 45 મીનીટે ઉપડશે. જે અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખીયાળી, હળવદ, ધાંગધ્રા, વિરમગામ, ચાંદલોડિયા, સાબરમતી થઈને રાત્રે નવ વાગ્યે અમદાવાદ પહોચશે. આ કારણે એક દિવસ પૂરતો ભુજ બાંદ્રા સુપર ફાસ્ટનો ટાઈમ પણ બદલવામાં આવ્યો છે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી સામખીયાળી -ગાંધીધામ અને ગાંધીધામ -આદિપુર રેલવે લાઈન ક્વોડ્રુપલિંગનો શિલાન્યાસ કરશે.

- (અશરફ નથવાણી,તૌફીક સમા)

---

## નવરાત્રી પર્વ-માતાના મઢ:

આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢમાં ઉજવાતા આગામી અશ્વિન નવરાત્રિ પર્વને ધ્યાનમાં લઈને મોટી સંખ્યામાં દર્શને આવતા યાત્રિકોને કોઈ અગવડ ન પડે તે માટેની વહીવટી તંત્ર દ્વારા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં નવરાત્રિના ચાર પાંચ દિવસ પૂર્વે જ અહીં યાત્રિકોનું આગમન થઈ જતું હોવાથી પૂર્વ તૈયારી કરવાની સુચના અપાઇ હતી . ગ્રામપંચાયત દ્વારા ગામમાં સ્વચ્છતા જાળવવા, રખડતા ઢોર ડબ્બામાં પુરવા જણાવાયું હતું.

અહીં યાત્રિકો માટે પૂરતા પ્રમાણમાં પાણીની વ્યવસ્થા જળવાઈ રહે તેમજ આરોગ્યલક્ષી સુવિધા મળી રહે તેની તકેદારી રાખવા જણાવ્યું હતું. વધુમાં એમ્બ્યૂલન્સ , ફાયરની સુવિધા, પોલીસ બંદોબસ્ત સહિત વિવિધ વિભાગને લગતા અધિકારીઓને કામગીરી સંબંધિત સૂચના અપાઇ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, યાત્રાળુઓ માટે એસ.ટી. તંત્ર દ્વારા 150 બસ દોડાવાશે.

- (NP, તૌફીક સમા)

---

## રાષ્ટ્રીય ઈજનેર દિવસ:

આજે રાષ્ટ્રીય એન્જિનિયર દિવસ છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના તમામ ઇજનેર અને નાગરિકોને આ દિવસની શુભેચ્છાઓ પાઠવી છે.

રાજ્યના પ્રથમ સરહદી જિલ્લા એવા કચ્છમાં સરકાર દ્વારા ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજની સ્થાપના કરવામાં આવી છે. આ ભુજની સરકારી એન્જિનિયરીંગ કોલેજ અનેક વિદ્યાર્થીઓના ઈજનેર બનવાના સપના સાકાર કરવામાં મદદરૂપ થઈ રહી છે. ભુજ ખાતે આવેલી સરકારી એન્જિનિયરીંગ કોલેજમાં વર્તમાન સમયમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

સરકારી એન્જિનિયરીંગ કોલેજ ભુજમાં મિકેનિકલ , ઈલેક્ટ્રીકલ, સિવિલ, માઈનીંગ અને કેમિકલ, એન્વાયરન્મેન્ટ એન્જિનયરિંગ શાખાનું શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત , મિકેનિકલ અને ઈલેક્ટ્રીકલ શાખામાં માસ્ટર ડિગ્રીનો કોર્સ પણ ઉપલબ્ધ છે.

- (મા.ખા. ભુજ)

---

## સાહિત્ય સર્જક બાબુલાલ ગોર-અવસાન:

જાણીતા સાહિત્ય સર્જક , નિબંધકાર અને સમીક્ષક બાબુલાલ ગોરનું ગઈકાલે ભુજ ખાતે અવસાન થયું છે. તેમની વય 82 વર્ષની હતી . તેઓએ ભુજનાં વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલયના ગ્રંથપાલ તરીકે સેવાઓ આપી હતી . અને સાહિત્ય ક્ષેત્રે વિવિધ પુરસ્કારો પણ મેળવ્યા હતા.

- (ચંદ્રવદન પટ્ટણી,તૌફીક સમા)

---

## રામદેવ પીર સ્થાનક-મેળો:

કચ્છમાં ઘણા સ્થળે ગઈકાલે અગિયારસ નિમિતે રામદેવ પીરનાં સ્થાનકો એ મેળા ભરાયા હતા. નખત્રાણા ખાતે ત્રણ દિવસનાં મેળાનું આવતીકાલે સમાપન થશે. ભચાઉ નજીક વોંધ, લખપત તાલુકાનાં લાખાપર , અબડાસા તાલુકાનાં ન લીયા વગેરે સ્થળે રામદેવ પીરનાં મેળાઓમાં પૂજન અર્ચન મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા.

- (ચંદ્રવદન પટ્ટણી,તૌફીક સમા)

---

## કચ્છ યુનિ. સર્ટીફીકેટ કોર્સ:

કચ્છના યુવાનો શાસ્ત્રીય નૃત્યનો જિલ્લામાં રહીને અભ્યાસ કરી શકે એવા આશય સાથે પ્રથમ વખત કચ્છ યુનિવર્સિટી અને નુપુર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પરફોર્મિંગ આર્ટ્સ-ભરતનાટ્યમ સર્ટિફિકેટ કોર્ષનો આરંભ થયો છે. આ માટે 3 વર્ષના કરાર કરાયા છે.

આ કોર્ષ 6 મહિના અને 20 ક્રેડિટ પોઈન્ટનો રહેશે. જેમાં થીયરી અને પ્રેક્ટિકલને આવરી લેવાશે. કોઈપણ ઉમરના 12 પાસ કરેલ વ્યક્તિ આ કોર્ષ કરી શકે છે. કોર્ષની વિશેની વધુ વિગત માટે યુનિવર્સીટી ડી બ્લોકમાં પરફોર્મિંગ આર્ટ્સ ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવા જણાવાયું છે.

- (NP, તૌફીક સમા)

---

## રસ્તાનું રીસરફેસિંગ કામ-આડેસર લખપત:

કચ્છ જીલ્લા માં માર્ગ મકાન વિભાગ હેઠળ આડેસરથી લખપત સુધી કુલ 280 કરોડના ખર્ચે 17 રસ્તાઓનું રીસર્ફેસિંગનું કામ ટૂંક સમયમાં શરૂ થશે.

ગત મહિને પડેલા ભારે વરસાદને કારણે જિલ્લા પંચાયત હસ્તકના 34 અને રાજ્ય માર્ગ મકાન વિભાગ હસ્તકના 12 રસ્તા પ્રભાવિત થયા હતા.

તો, દર વર્ષે જે સડકની નિર્માણ કે રીપેરીંગની સાત વર્ષની મુદત થઈ ગઈ હોય તેને ફરીથી મોટરેબલ કરવા માટેની સરકારની જોગવાઈ અંતર્ગત વધુ 17 રસ્તાની મજબુતિકરણ, કામગીરી શરૂ થશે. જેમાં ખાસ કરીને ભુજ-નાગોર-લોડાઈ રોડના રી-કન્સ્ટ્રક્શન, મેટલ વર્ક, પ્રોટેક્શન વોલ, સહિતની કામગીરી માટે 70 કરોડ ફાળવવામાં આવ્યા છે.

- (NP, તૌફીક સમા)

---